ગાંધીનગરમાં વાયબ્રન્ટનો ઝળહળાટ



કલોલમાં ૧૦૦ સ્કે. ફૂટના પતંગે કૌતુક સર્જ્યું..!!!

ગાંધીનગર જિલ્લાના આકાશમાં ૧૦૦ સ્કે. ફૂટનો વિશાળ પતંગ ચગ્યો હતો. કલોલની તરૂણી અર્પિતા હસમુખભાઈ ચૌહાણે ૨૦ માર્બલ પેપરના ઉપયોગ દ્વારા ૧૦ ફૂટ બાય ૧૦ ફુટ એટલે ૧૦૦ સ્કેવેયર ફુટનો વિશાળ પતંગ જાતે બનાવી ચગાવતા અનોખુ કૌતુક સર્જાયુ હતુ. આ સાથે અર્પિતાએ પતંગ બનાવવાનો ઈજારો એકલા પુરૂષોનો નથી તે સાબિત કરવા સાથે 'સ્કીલ ઈન્ડિયા'ના માહોલમાં ભારતીય યુવા નારી શક્તિની ઓળખ કરાવવા ઉપરાંત આ સિદ્ધિ સાથે ઈન્ડિયા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડઝમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

ધનસુરા ચાર રસ્તા ટ્રાફિક પ્રશ્ને પોલીસ નિષ્ક્રિય

ધનસુરા પોલીસતંત્રની બેદરકારીના કારણે ધનસુરા ચાર રસ્તા ટ્રાફિક નિયમન બાબત નિષ્ક્રિય હોય તેવુ પ્રજાને લાગે છે. અનેકવાર વર્તમાન પત્રોમાં સમાચાર આપ્યા છતાં તંત્ર સુધરવાનું નામ દેતુ નથી. રોડ ઉપર ખાનગી વાહનો ઉભા રહે છે તેની કોઈ વ્યવસ્થા કરવામાં આવતી નથી. જાણવા મળ્યા મુજબ મસ મોટા હપ્તાના કારણે ચાર રસ્તા આગળ ખાનગી વાહનો ખુલ્લેઆમ મુકતા ગેરકાયદેસર મુસાફરો ભરી બિન્દાસ્ત જાય છે, ટ્રાફિક વ્યવસ્થાની પોલીસતંત્રની છે ત્યારે કેમ પોલીસ કડક થતી નથી, દેખાવ પુરતુ એકાદ દિવસ કડક થઈ ટ્રાફિક વ્યવસ્થા કરી પછી હતુ તેનુ તેજ. જિલ્લા પોલીસ અધિકારી સમક્ષ પણ કાયમી ટ્રાફિક વ્યવસ્થા અંગે રજુઆત કરવા છતાં પ્રશ્ન હલ થતો નથી. શું પોલીસ આ ચાર રસ્તા અકસ્માતની રાહ જુએ છે? પ્રજાની મુશ્કેલી સમજાતી નથી ?, આ તાલુકાના શીકા ચોકડીએ પણ આ દશા છે. કાયમી ટ્રાફિક પોલીસ મુકાતી નથી. જિલ્લા પોલીસવડા સત્વરે ધનસુરાના પ્રજાની મુશ્કેલી દૂર કરે તે જનતા ઈચ્છે છે.

માણસાના ૧૪૮ વર્ષ જૂના સ્વામિનારાયણ મંદિરની

મૂર્તિઓ રાતોરાત ઉખાડી લેવાતા હરિભક્તોમાં દુઃખની લાગણી

ગાંધીનગર, તા. ૧૫

માણસા શહેરના જુના બજારમાં આગવી ઓળખ ધરાવતું અને જે ગલીનું નામ તેના પરથી પડ્યું છે તેવી સ્વામિનારાયણ શેરીમાં આવેલું અદભૂત અને અદ્વિતીય કોતરણીકામવાળું સ્વામિનારાયણ મંદિર કે જે અંગ્રેજોના સમયમાં આશરે ૧૪૮ વર્ષ પહેલા બનાવવામાં આવ્યું હતું અને તે સમયથી આજ તારીખ સુધી સતત તેના હરિભક્તોનો લગાવ અને લાગણીથી ભક્તોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. કાલુપુર સ્વામિનારાયણના તાબાના આ મંદિરને શહેરના હાઈવે પર અન્ય જગ્યાએ નવી જગ્યા લઈ બનાવવામાં આવેલ મંદિરમાં નવીન મૂર્તિઓ લાવવાની જગ્યાએ રાતોરાત આ મંદિરમાં વર્ષોથી સ્થાપિત થયેલ મૂર્તિઓને અગમ્ય કારણોસર ઉખાડીને લઈ જવાતા હરિભક્તોમાં ભારે શોખ સાથે નારાજગી જોવા મળી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર માણસા શહેરમાં આવેલ કાલુપુર તાબાનું ૧૪૮ વર્ષ પુરાણું સ્વામિનારાયણ મંદિર કે જેમાં હજારો હરિભક્તો આસ્થા ધરાવે છે ત્યારે થોડા સમય અગાઉ આ સંસ્થા દ્વારા ગાંધીનગર હાઈવે પર નર્સરીથી અંદરના રોડે નવીન મંદિર બનાવવા માટે જમીન ખરીદવામાં આવી હતી અને હાલ આ મંદિરનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. તે સમયે સ્થાનિક હરિભક્તોએ

આ મંદિર વર્ષો પુરાણો અને ભક્તોની આસ્થાનું કેન્દ્ર અન્ય જગ્યાએ મંદિર ન બનાવાય તેવી લાગણી વ્યક્ત કરી હતી અને તે સમયે અહીંથી કેટલાક હરિભક્તો ગાદીપતિને મળવા અમદાવાદ ગયા હતા અને આ બાબતે વાત કરી ત્યારે તેઓએ આશ્વાસન આપી અને જો હરિભક્તોની લાગણી દુભાતી હશે તો અમો વિચારીશું તેમ કહી આશ્વાસન આપતા તેમના પર આસ્થા ધરાવતા હરિભક્તો વિશ્વાસથી પરત આવ્યા હતા તેમ છતાં આ મંદિરનું કામ યથાવત રીતે ચાલુ રહેતા ભક્તોમાં અંદરો અંદર કચવાટ દેખાઈ રહ્યો હતો અને તેના પરિણામ સ્વરૂપ બે દિવસ અગાઉ એટલે કે તારીખ ૧૩ના રોજ રાત્રીના ૧૧ વાગ્યાના સુમારે અમદાવાદ કાલુપુર મંદિરથી આવેલા ૧૫ જેટલા લોકોએ હરિભક્તો કઈ સમજે તે પહેલા સ્વામિનારાયણ ભગવાન, ઘનશ્યામ મહારાજ, રાધાકૃષ્ણ, હરિકૃષ્ણ મહારાજ, ગણપતિજી, સૂર્યનારાયણ ભગવાન, માતા પાર્વતીની સાથે શિવલિંગ સહિતની સ્થાપિત મૂર્તિઓને કોઈપણ જાતના વિધિ-વિધાન સિવાય ઝાડે તોડી પાડવાનું હોય તે મુજબ ઉખાડીને લઈ જતા હાજર હરિભક્તોની લાગણીને ઠેસ પહોંચી હતી.

ધનુર્માસ ચાલતો હોવાની સાથે-સાથે રાત્રે બનેલી આ ઘટનાથી અજાણ હરિભક્તો જ્યારે સવારે મંદિરમાં દર્શન કરવા માટે આવ્યા ત્યારે તેમની આસ્થાના પ્રતીક સમી આ મૂર્તિઓ નહીં દેખાતા આ બાબતે પૂછતાં તેઓ ને કેટલાક લોકોએ રાત્રે બનેલી ઘટનાનું વર્ણન કરતા તેઓએ ભારે આઘાત અનુભવ્યો હતો. જેમાં બે હરિભક્તોને તો દિલમાં લાગી આવતા તેઓ આઘાત સહન ન કરી શકતા ઢળી પડ્યા હતા અને તેઓને ૧૦૮ દ્વારા હોસ્પિટલ લઈ જવાયા હતા.

ઠંડીનો વધુ એક રાઉન્ડ આવશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે આગાહી કરી છે કે તા. ૨૦ થી ૨૫માં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષાની શક્યતા છે. હજુ રાજ્યમાં કાતીલ ઠંડીનો રાઉન્ડ આવશે. દેશના ન્યુનતમ તાપમાન કેટલાક ભાગોમાં ૧૦ ડીગ્રી સેલ્સીયસથી નીચુ જવાની સંભાવના રહે છે.

દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં તા. ૨૦ થી ભારે હિમવર્ષાના યોગો થતાં કાશ્મીર સહિત ઉત્તર ભારતમાં હિમવર્ષાની અસરથી તીવ્ર ઠંડીનો જોરદાર રાઉન્ડ આવશે. જેના લીધે રાજ્યના ભાગોમાં પણ સુસવાટા મારતા પવન સાથે બર્ફિલી ઠંડીની અસર ગાત્રો થીજવશે. ભૌગોલિક બાબતો, ગ્રહો તેમજ અન્ય આધારે જોતાં આ અરસામાં પશ્ચિમી વિક્ષેપની પણ ભારે અસર થતાં રાજ્યમાં વાદળવાયુ આવે. જાન્યુઆરી તા. ૨૫ સુધીમાં પંજાબ, હરીયાણા, રાજસ્થાન, ઉત્તર ભારતના ભાગો, ગુજરાત સૌરાષ્ટ્રના કચ્છના ભાગોમાં પણ કાતિલ ઠંડીને વેગ મળે, કેટલાક ભાગોમાં ન્યુનતમ તાપમાન ૧૨ ડિગ્રી સેલ્સિયસથી પણ નીચુ જવાની સંભાવના રહે. સૂર્યની દક્ષિણકાંતિમાં ક્રમશઃ ઘટાડો થવાથી દિવસના ભાગમાં તાપ રહે. ઉત્તર-મધ્ય ગુજરાતમાં ઠંડીની અસર વધુ રહે. ઉત્તર તેમજ દક્ષિણ સૌરાષ્ટ્રના ભાગોમાં પણ ઠંડી રહે. કચ્છના ભાગોમાં પણ ન્યુનતમ તાપમાન ઘણુ નીચુ જાય. હવામાન કથળી જાય, કેટલાક ભાગોમાં વાદળવાયુ કે કમોસમી વરસાદ થવાની શક્યતા રહે, દેશના ઉત્તર-પશ્ચિમ ભાગોમાં વાદળવાયુ કમોસમી વરસાદ કે ધુમ્મસ થઈ જાય. પશ્ચિમી ગડબડના લીધે હવામાન પલટાય અને ન્યુનતમ તાપમાન ૧૦ ડિગ્રી સેલ્સિયસથી પણ નીચુ જવાની શક્યતા રહે. મહારાષ્ટ્રના ભાગો અને વિદર્ભના ભાગોમાં પણ સખ્ત ઠંડી પડે. ઠંડા પવનોનું જોર પણ દેશના ભાગોમાં રહે.

શ્રી કષ્ટભંજન હનુમાનજી મહારાજનાં પાટોત્સવના પ્રથમ દિવસે સાધુ સંતોના આર્શીવાદ ભક્તજનોને મળ્યા હતા સાથે ભજન મંડળો દ્વારા ભજનોની રમઝટ બોલાવવામા આવી હતી. આવતી કાલે આનંદ ગરબા મંડળ દ્વારા ગરબા ગવાશે.

કુંભમેળાનો પ્રારંભ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અવધિ આજે ૧૫મી જાન્યુઆરીએ વહેલી પરોઢથી સૂર્યાસ્ત સુધી રહી હતી. સમગ્ર દિવસ દરમિયાન શુભ મુહુર્ત રહેલા છે. ભારે ધાર્મિક માહોલ રહેતા ચારેબાજુ પુજા અર્ચનાનો દોર જારી રહ્યો હતો. આજે સવારે સુર્યની મકરગતિ (મકર રાશીમાં પ્રવેશ)માં આવવાની સાથે જ તીર્થરાજ પ્રયાગમાં સંગમ કાઠા પર મહાપર્વની શરૂઆત થઈ હતી. જોરદાર ઠંડી હોવા છતાં લોકોએ આની ચિંતા કરી ન હતી. દુનિયાના સૌથી મોટા ધાર્મિક આયોજનને લઈને શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ દેખાયો હતો. પહેલા શાહી સ્થાન પર્વ પર અખાડાના નાગા સન્યાસી, મહામંડલેશ્વરો, સાધુ સંતો સહિત લાખો શ્રદ્ધાળુઓએ સંગમમાં પુણ્યની ડુબકી લગાવી હતી. આની સાથે જ કુંભના શ્રીગણેશ થઈ ગયા હતા. સવારે પાંચ વાગે શાહી સ્નાનની શરૂઆત થઈ હતી. સવારમાં સૌથી પહેલા ૬ વાગે મહાનિર્વાણીના સંતો શાહી સ્નાન માટે પહોંચ્યા હતા. આની સાથે અખાડાના સ્નાનની પ્રક્રિયા શરૂ થઈ હતી. તમામ અખાડાના સંતોએ એકપછી એક સ્નાનની પ્રક્રિયા હાથ ધરી હતી. તમામને ૩૦ મિનિટથી ૪૫ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો. સામાન્ય શ્રદ્ધાળુઓ પણ પવિત્ર સ્તાન કરી રહ્યા છે.કુંભને લઈને આ વખતે ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. કુંભ મેળા ૨૦૧૯માં આવનાર શ્રદ્ધાળુઓની સુવિધા માટે રેલવે દ્વારા ૮૦૦ સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય રેલવે તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. આ તમામ ટ્રેનો જુદા જુદા સ્ટેશનોથી પ્રયાગરાજની વચ્ચે દોડાવવામાં આવી રહી છે. આ ટ્રેનો સામાન્ય ટ્રેનો ઉપરાંતની રહેશે. કુંભ મેળામાં આવનાર શ્રદ્ધાળુઓ અને ટ્યુરિસ્ટો માટે દેશના દરેક રેલવે ઝોનથી છ સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે.

રાજકીય સંકટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ધારાસભ્યોને ખરીદવાના પ્રયાસ થઈ રહ્યા છે. બીજી બાજુ ભાજપના ધારાસભ્યો પક્ષ પ્રમુખ અમિત શાહને મળવાની યોજના ધરાવે છે. ભાજપના ધારાસભ્યો હવે એનસીઆરમાં થોડાક દિવસ રોકાશે. અમિત શાહ તેમનું માર્ગદર્શન કરે તેવી શક્યતા છે. યેદીયુરપ્પાના આંતરિક વર્તુળોમાં રહેલા સુત્રોએ કહ્યું છે કે, પાર્ટી પહેલાથી જ કોંગ્રેસના ૧૨ ધારાસભ્યોના સંપર્કમાં છે અને તે ચારથી પાંચ અન્ય ધારાસભ્યોના ટેકાની રાહ જોઈ રહી છે. આ વખતે ચોક્કસપણે સારા પરિણામ મળશે. આવી સ્થિતિમાં ભાજપ ચોક્કસપણે કર્ણાટકમાં નવી સરકાર બનાવી લેવામાં અથવા તો લોકસભાની સાથે સાથે રાજ્યવિધાનસભાની ચૂંટણી મધ્યસત્રમાં યોજવા માટે ફરજ પાડશે. કુમારસ્વામીએ કહ્યું છે કે, પાર્ટી મજબૂતી સાથે આગળ વધી રહી છે. કર્ણાટક સંકટ વચ્ચે એકબાજુ મુખ્યમંત્રી કુમારસ્વામીએ ભાજપના ધારાસભ્યોની ખરીદી વેચાણની પ્રક્રિયાને લઈને આક્ષેપોને રદિયો આપ્યો છે. બીજી બાજુ કોંગ્રેસના વરિષ્ઠ નેતા શિવકુમારે કહ્યું છે કે, સરકાર સામે કોઈ ખતરો નથી. કોંગ્રેસી નેતા અને રાજ્યના કેબિનેટ મંત્રી ઝમીર અહેમદે વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું છે કે, તેમની પાર્ટીના કોઈ ધારાસભ્ય અન્ય પાર્ટીમાં જશે નહીં. પાર્ટીના ચારથી પાંચ ધારાસભ્ય મુંબઈમાં છે. તેમને ખરીદવાના પ્રયાસ થશે તો અમે શાંત રહીશું નથી.

પોલીસ છાવણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્લોબલ વાઈબ્રન્ટ સમિટનું આયોજન કરવામાં આવે છે. શહેરના સે-૧૩ ખાતે આવેલા મહાત્મા મંદિર ખાતે આ વર્ષે તારીખ ૧૮,૧૯,૨૦ જાન્યુઆરીના રોજ યોજાનારી આ સમિટમાં દેશ-વિદેશના મહાનુભાવો, અન્ય દેશના વડાપ્રધાન-પ્રમુખ, નેતાઓ-અભિનેતાઓ તથા વીવીઆઈપી ડેલીગેટ્સ ગાંધીનગરના મહેમાન બનશે ત્યારે આ મહાનુભાવોની સુરક્ષાને ધ્યાને લઈને પોલીસ વિભાગ દ્વારા લોખંડી બંદોબસ્તની સ્કીમ તૈયાર કરવામાં આવી છે. જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા દ્વારા તમામ પોલીસને સ્ક્રીનમાં લાઈવ ડેમો બતાવીને બંદોબસ્ત ફાળવવામાં આવ્યો હતો જેને પગલે નવા પોલીસ કર્મીઓને શહેરની ભૌગોલિક સ્થિતિ સમજવામાં તકલીફ ન પડે. પાટનગરને આજથી પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યું છે. હવે પાંચ દિવસ શહેરમાં સર્કલ ટુ સર્કલ હથિયાર સાથે પોલીસ જોવા મળશે. એટલું જ નહીં શહેરમાં પ્રવેશતા તમામ વાહન ચાલકો પર પોલીસની વોચ રહે અને તેમના ચહેરા સીસીટીવીમાં કેદ થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. નોંધનીય બાબત એ છે કે પાંચ દિવસ માટે પાટનગરમાં બંદોબસ્ત માટે તૈનાત રહેનાર પોલીસ માટે સ્વીટ સાથેનું ફુડ પેકેટ તૈયાર કરવામાં આવ્યું છે. બંદોબસ્તના પોઈન્ટ ટુ પોઈન્ટ દરેક પોલીસ જવાનને ફૂડ પેકેટ અને પાણીની બોટલ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. પાંચ દિવસમાં સવાર - સાંજ મળીને ૪૮ હજાર ફૂડ પેકેટ સુરક્ષાકર્મીઓ માટે મોકલવામાં આવશે. કોઈપણ સુરક્ષાકર્મી ફૂડપેકેટ વગર રહી ન જાય તેનુ ખાસ ધ્યાન રાખવામાં આવશે. તે ઉપરાંત વાઈબ્રન્ટ દરમ્યાન કોઈ મોરચો વિરોધ પ્રદર્શન કરવા ઘુસી ન જાય તેનુ ધ્યાન રાખવા અલગથી ટીમો બનાવવામાં આવી છે.

દુઃખદ અવસાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અગ્રણીઓ, મિત્ર વર્તુળ સહીત બ્રહ્મસમાજમાં પણ ઘેરા શોકની લાગણી વ્યાપી છે. બિમારીના લીધે હર્ષજીત અમદાવાદ સ્થિત ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. હર્ષજીતના અવસાનથી કોંગ્રેસ પક્ષે પણ યુવા નેતા ગુમાવ્યા છે. હર્ષજીતના બે બહેનો વિદેશમાં રહે છે. તેમના આવી ગયા બાદ તા ૧૬ જાન્યુઆરીના રોજ સવારે ૮ કલાકે તેમના નિવાસ સ્થાન સે-૨૮ ગીતાંજલી ફ્લેટ ખાતેથી તેમની અંતિમ યાત્રા નિકળશે.

કાનૂની વિવાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોબાઈલ ફોન વડી અદાલતની આઈ.ટી. શાખામાં ચકાસવામાં આવ્યો હતો અને તેમાં કશુ જણાયુ ન હતુ. આથી એક કલાક બાદ ફોન બારોટને પરત આપવામાં આવ્યો હતો. બારોટે ભાજપ દ્વારા તેમનો નૈતિક જુસ્સો તોડવાના પ્રયાસો કરાઈ રહ્યાનું જણાવી કહ્યુ હતુ કે તેઓ આમાં સફળ થવાના નથી.